ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



ગુરૂ દેવો ભવઃ - ગુરૂપૂર્ણિમાના પાવન પર્વે સૌ-સૌના ગુરૂના પૂજન-અર્ચન અને દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા... શહેરમાં વહેલી સવારથી મંદિરો અને આશ્રમોમાં ભાવિકોએ ભાવપૂર્વક ગુરૂના દર્શન-પૂજન કર્યા હતા... સમગ્ર શહેર ભક્તિમય માહોલમાં ઓતપ્રોત બન્યું હતું... ભજન-ધૂન, પ્રવચન અને મહાપ્રસાદના કાર્યક્રમો યોજાયા હતા... ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ-શિષ્યની ચાલી આવતી પરંપરા અનુસાર ગુરૂપૂર્ણિમાના પાવન પર્વે ગુરૂના આશીર્વાદનો મહિમા મોટો છે...

# શહેરમાં ગુરૂપૂર્ણિમાની ભાવપૂર્વક ઉજવણી

ગાંધીનગર તા ૯

ગુરુ શિષ્યના અનોખા અને પવિત્ર સંબંધનો મહીમા દર્શાવતા ગુરુ પુર્ણિમાના આજના દિવસે નગરના મંદિરોમાં ભાવિકોની ભીડ ઉમટી હતી. ગુરુવંદના કરી તેમના આર્શીવચન મેળવવા માટે ભાવિકોમાં અનોખો ઉત્સાહ છવાયેલો જોવા મળ્યો હતો. મંદિરોમાં ગુરુપુજનના કાર્યક્રમોમાં ગુરુના આર્શીવાદ મેળવવા માટે ભાવિકો સવારથી જ ઉમટી પડયા હતા. અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ કરનારા ગુરુના આર્શીવાદ મેળવવા માટે મંદિરોમાં દિવસભર ભીડ જામેલી જોવા મળી હતી. શહેરના સે-૨ ૨ સ્થિત પંચદેવ મંદિર , અક્ષરધામ સે-૧ સમદર્શન આશ્રમ સે-૨ ૩ સ્થિત સ્વામિનારાયણ મંદિર , સે-૨ ૮ દત્ત મંદિર ,સે-૨ ૧ વૈજનાથ મહાદેવ મંદિર સે-૧ ૬ સોમનાથ મહાદેવ ધોળેશ્વર મહાદેવ મંદિર સહીતના ધર્મસ્થાનો પર ભાવિકોનો ઘસારો જોવા મળ્યો હતો.

### ઘ-૫ ના સર્કલ પર સ્થિત વિભૂતિના આદર્શો જીવનમાં ઉતારો



ઘ-૫ ના સર્કલ પર સ્થિત વિભૂતિના આદર્શો જીવનમાં ઉતારવા જેવા છે. આજના યુવાનોએ રવિશંકર મહારાજના જીવનમાંથી ઘણુ શીખવાની જરૂર છે. ગાંધીનગર એકબાજુ સ્માર્ટ સીટી બનવાની દિશામાં આગળ વધી રહયુ છે. ત્યારે ગંદકી સહીતના પ્રશ્નોનો હલ લાવવા માટે નાગરિકોમાં કોમન સેન્સ કેળવાય તે અનિવાર્ય છે. પ્લાસ્ટીક પશુઓના પેટમાં ન જાય તેનુ પણ જ્ઞાન અને ધ્યાન રાખવુ જરૂરી છે. નગરને સોને મઢી દેવાય તો પણ જયાં સુધી સિવિક સેન્સ ન કેળવાય તો તેનો કોઈ અર્થ નથી. સાચા અર્થમાં નાગરિક ભાવના અને સમજ કેળવાય તો જ ગુરુનુ પુજન સાર્થક ગણાશે. નગર વિકાસપથ પર દિનપ્રતિદિન પ્રગતિ કરે તેવા આર્શીવચન પણ તેમણે પાઠવ્યા હતા.

**ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીજી**

### ગાંધીનગરનુ સમાજજીવન સદાય ખુશ રહે

ગુરુ નાના મોટા સૌ કોઈને ઉંચી રાહ બતાવે છે. આત્માઓની સદગતિ કરે છે. ગુરુ વિના ગતિ નથી. પ્રથમ ગુરુ પરમાત્મા બીજા માતા પિતા છે. અને ત્રીજા ગુરુ મનુષ્યને જીવન આપે છે. ગાંધીનગરમાં પણ શ્રેષ્ઠ આત્માઓ છે. દરેક જ્ઞાની છે. શહેર સુખ,શાંતિ અને સંસ્કૃતિથી ભરપુર છે. ત્યારે ગુરુપુર્ણિમાના દિવસે નગરનુ સમાજજીવન ખુશ રહે સૌ કોઈની પ્રગતિ થાય ગાંધીનગર વધુ સ્માર્ટ બને અને અન્ય શહેરો માટે પ્રેરણારૂપ બને તેવુ બને તેવી શુભકામના શહેરને પાઠવુ છુ.



**કૈલાસદીદી, બ્રહ્માકુમારી, સેક્ટર-૨૮**

### નગરનો આધ્યાત્મિક અને સામાજિક વિકાસ થાય તેવી પ્રાર્થના



ભારતીય સંસ્કૃતિમાં માતા પિતા અને ગુરુનુ વિશેષ મહત્વ છે. અજ્ઞાનમાંથી જ્ઞાનના માર્ગ તરફ વાળે તેનુ નામ ગુરુ..ગુરુનો સાચો ભાવાર્થ સમજવો પણ જરૂરી છે. ગુરુએ ચિંધેલી રાહ પર આગળ વધવુ તે જ ગુરુપુર્ણિમાના દિવસે તેમને આપવાની થતી મોટી ભેટ છે. આ દિવસે એ જ પ્રાર્થના કે ભગવાન સૌ કોઈને સાચા સદગુરુની પ્રાપ્તિ કરાવે ચાર દાયકા પહેલાનુ નગર મુજબ શહેરનુ મુળરૂપ જળવાઈ રહે તેમજ આધ્યાત્મિક અને સામાજિકરૂપે નગરનો વિકાસ થાય તેવી પ્રાર્થના છે.

**સ્વામી હરિકેશવદાસજી, સે-૨૩ સ્વામીનારાયણ મંદિર**

### આદર્શસમાજની રચના થાય તેવી ઈશ્વરને પ્રાર્થના

ગુરુ આપણા જીવશિલ્પ વિધાતા છે. જીવનમાં સુંદર મુર્તિનુ સર્જન કરવુ હોય તેના માટે ગુરુરૂપી શિલ્પીની પ્રાથમિક અનિવાર્યતા છે. મુર્તિઘડતરની આ પ્રક્રીયા કષ્ટદાયક જરૂર છે. પરંતુ તેમાં પણ ગુરુરૂપી શિલ્પીનો સહારો છે. પ્રક્રીયા દરમિયાન ગુરુનો સ્નેહ સતત વરસતો રહે છે. સ્નેહવર્ષાથી સુંદર મુર્તિનુ સર્જન થાય છે. દુર્લભ મનુષ્ય દેહમાં પોતાના જીવનના સુંદર આદર્શ અને પ્રભુને પણ પોતાના સર્જન પર ગૌરવ થાય તેવુ બનાવવાનુ છે. વ્યક્તિ આદર્શ બને તો આદર્શ સમાજની રચના થાય ગાંધીનગરવાસીઓ આદર્શો પ્રાપ્ત કરે સુચારૂ અને સુંદર જીવનનુ ઘડતર કરે તેવા ઈશ્વરના આશીર્વાદ



**ગુરૂમા, સે-૧ સમદર્શન આશ્રમ**

# જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશને પ્રોત્સાહક પ્રતિસાદ

## રવિવારે સઘન ઝુંબેશમાં ૩૫૦૦ જેટલા નવા મતદારોએ નામ નોંધણીની અરજી કરી : ૪૦૦ મતદારોના નામ કમી કરવાની અરજીઓ મળી તો ૧૬૦૦ અરજીઓ સુધારા માટેની મળી

ગાંધીનગર, તા. ૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલાં ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશમાં સઘન ઝુંબેશના આજે પ્રથમ રવિવારે જિલ્લામાંથી ૩૫૦૦થી વધુ અરજીઓ નામ દાખલ કરવા માટેની મળી છે.

જિલ્લામાં શરૂ થયેલી આ ઝુંબેશને આજે ઠીક ઠીક પ્રતિસાદ જોવા મળ્યો હતો. ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ હોવાથી લોકો ઓછા સક્રિય જણાયા હતા તેમજ રાજકીય પક્ષો પણ ઓછા સક્રિય જણાયા હતા.

આજે તંત્રને ફોર્મ નં. ૬ જે નવા નામ દાખલ કરવા માટે છે તે ૩૫૦૦થી વધુ ભરાઈને આવ્યા હતા. જ્યારે ૪૦૦ જેટલી અરજીઓ નામ રદ કરવા માટેની મળી હતી. ૧૬૦૦ જેટલી અરજીઓ નામ સહિતના સુધારા માટેની મળી હતી.

આજે સવારે ૧૦ વાગ્યાથી આ સઘન ઝુંબેશ અંતર્ગત દરેક બુથ પર બીએલઓ પહોંચી ગયા હતા અને સેક્ટરલ સુપરવાઈઝરોએ દર બે કલાકે તેમની મુલાકાત લઈ મળેલા ફોર્મ તેમજ યુવા મતદારોને કેવી રીતે ભરી શકાય તે અંગેની સમજ આપી હતી. આજે પ્રથમ રવિવાર સઘન ઝુંબેશનો હતો. આગામી દિવસોમાં રાજકીય પક્ષો દ્વારા બુથલેવલ એજન્ટોની નિયુક્તી પૂર્ણ થયા પછી આ કામગીરીમાં વેગ આવશે તેમ મનાઈ રહ્યુ છે. પંચે પહેલીવાર બુથલેવલ એજન્ટોને પણ સક્રિય યોગદાન માટે આ ઝુંબેશમાં જોતરવાનો નિર્ણય કર્યો હોવાથી તેને સારો પ્રતિસાદ મળશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં ૧લી તારીખથી શરૂ થયેલી આ ઝુંબેશમાં ૧૭ હજારથી વધુ નવા મતદારોની નોંધણીનો અંદાજ જે રાખવામાં આવતો હતો તેમાં સારો એવો વધારો થશે તેમ મનાઈ રહ્યુ છે.

જો કે જિલ્લામાં ૮૦ જેટલા બી.એલ.ઓ.ની ઘટ છે આમ છતાં તંત્રએ આજે ખુબજ ગંભીરતાથી આ કામગીરીને હાથ ધરી હતી. પંચે મતદારયાદી સુધારણા ઝુંબેશ માટે ખાસ નિરીક્ષકોની પણ નિયુક્તી કરી છે જેને લઈ ઝુંબેશ હવે સઘન બનશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં આજે ૧૬૦૦ જેટલી નામ સુધારણા માટેની મળેલી અરજીઓની સંખ્યા ચિંતાજનક લેખી શકાય કારણ કે પંચ શુદ્ધ-અણિશુદ્ધ અને ક્ષતિરહિત મતદાર યાદી તૈયાર કરવાની ખાતરી આપી છે. ત્યારે આ સંખ્યાનં પ્રમાણ થોડુંક વધારે જણાયુંછે.

જિલ્લામાં સૌથી વધુ નવા નામ નોંધાવવાની અરજીઓ ગાંધીનગર (દ) વિસ્તારમાં જ મળી છે. જો કે ગાંધીનગ (ઉ)માં અને કલોલમાં પણ આ વખતે સારો રસ જોવા મળ્યો છે.

જિલ્લામાં મતદાર નોંધણી ઝુંબેશ વિધાનસભા ચૂંટણીની ઘોષણા પૂર્વેની અંતિમ તક હોવાથી રાજકીય પક્ષો પણ વધુ સક્રિય થશે તેમ મનાઈ રહ્યું છે.

# હુક્કાબારમાં દરોડા બાદ ઈન્ફોસીટી પી.આઈની બદલી

## જીલ્લા પોલીસ વડાએ પી.આઇને લીવ રિઝર્વમાં મુકી દીધા : પકડાયેલો મેનેજર જામીન પર મુક્ત : સંચાલક પિતા-પુત્ર ફરાર : ફ્લેવરનાં ૪૦ જેટલા નમુના એફ.એસ.એલ મોકલવામાં આવ્યા

ગાંધીનગર, તા.૯

કોબા રોડ પર સ્થિત ભાજપનાં પ્રદેશ કાર્યાલયને અડીને આવેલી શામિયાણા હોટલમાં બે માળનું બિલ્ડીંગ ઉભુ કરીને બેફામ ચાલતુ હાઈ પ્રોફાઈલ એસી હુક્કાબાર પકડાયુ હતુ. લોકલ ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી આ હુક્કાબારમાં બિન્દાસ્તપણે દમ મારો દમ કરતા ૪૫ નબીરાઓને ઝડપી પાડ્યા હતા. આ પ્રકરણમાં જીલ્લા પોલીસ વડાએ ઈન્ફોસીટી પી.આઈની બેદરકારી બદલ ટ્રાન્સફર કરી દઈને ડીવાયએસપીને તપાસ સોંપી છે. પોલીસે હુક્કાબારનાં માલીક પિતા-પુત્ર અને મેનેજર સામે નવા કાયદા મુજબ ગુનો નોંધી મેનેજરની સ્થળ પરથી જ ધરપકડ કરી હતી જે આજે જામીન પર મુક્ત થઈ ગયો છે. ક્યારે પિતા-પુત્ર હજુ ફરાર છે.

ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલી શામિયાણા હોટલમાંથી અત્યંત સુવિધાસભર હુક્કાબાર પકડાયુ અને આ હાઈપ્રોફાઈલ હુકાબારમાંથી ૫૦થી વધુ હુક્કાઓ અને ૮૦ જેટલા વિદેશી ફ્લેવરનાં બોક્ષ મળી આવ્યા હતા. ૨૦ યુવતીઓ અને ૨૫ યુવકો મળી ૪૫ જેટલા નબીરાઓ બારમાં દમ મારી રહ્યા હતા. એલ.સી.બીએ શાહીબાગ રહેતા માલીક નરેન્દ્ર હરજી માણીયા અને તેનો પુત્ર વિપુલ નરેન્દ્ર માણીયા ઉપરાંત મેનેજર ધર્મિત શરદ પવાર સામે નવા કાયદા મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી જેમા મેનેજરની ગઈ કાલે જ પોલીસે ધરપકડ કરી હતી અને આજે કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટમાંથી તેણે જામીન મેળવ્યા હતા. આ પ્રકરણમાં સ્થાનિક પી.આઈની બેદરકારી માનીને એસ.પી એ તાત્કાલીક અસરથી પી.આઈ કે.એમ.પ્રિયદર્શીની બદલી લીવ રીઝર્વમાં કરી દીધી છે અને તેમની સામે ખાતાકીય તપાસ હેડ ક્વાર્ટર ડીવાયએસપીને સોંપવામાં આવી છે. પોલીસે ૪૦થી વધુ ફ્લેવર્સ એફ.એસ.એલમાં મોકલ્યા છે અને તેમાં બીજી કોઈ નશાકારક ચિજવસ્તુની ભેળસેળ કરાતી હતી કે કેમ તેની તપાસ કરવામાં આવશે.



ચાતુર્માસ પ્રવચન - સેક્ટર-૨ ૨, જૈન દેરાસર ખાતે ચાતુર્માસ અર્થે પધારેલ પૂજ્ય વૈરાગ્ય દેશના દક્ષ આચાર્યદેવ શ્રીમદ વિજય હેમચંદ્રસુરિશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય - પ્રશિષ્ય રત્ન પૂજ્ય ગણિવર્ય યશ કલ્યાણ વિ.મ.સા.ના પ્રવચનોમાં શ્રાવકો મોટી સંખ્યામાં જોડાય છે... આગામી બે દિવસમાં સેક્ટર-૩ અને સેક્ટર-૭ના દેરાસર ખાતે પણ પૂજ્ય મુનિરાજ તિર્થપ્રેમના પ્રવચનો પણ યોજાશે...

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com